# એપોલો સર્કલ પાસે આઈકોનિક બ્રિજ માટે કેબલ અમેરિકાથી આવશે

## કેબલસ્ટેડ બ્રિજને અનુલક્ષી નકશા ડિઝાઇન તૈયાર : હાલ એપ્રોચનુ કામ ચાલુ : ટુંકમાં કામમાં ઝડપ આવશે : ટ્રાફિકની વર્ષો જુની સમસ્યા હલ થશે

ગાંધીનગર તા ૯

એપોલો સર્કલ પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવાનુ કામ આગામી એક મહીનામાં પુન : ધમધમતુ થઈ જશે હાલ આ બ્રિજને અનુલક્ષી એપ્રોચનુ કામ ચાલી રહ્યુ છે. જયારે રાજયમાં અનોખા એવા બ્રિજને અનુલક્ષી અમેરિકાથી કેબલ આવશે કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવા પાછળ અંદાજિત રૂ ૧૦૮ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. એપોલો સર્કલ પાસે છેલ્લા બે ત્રણ વર્ષથી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની હતી. વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા હતા જયારે ટ્રાફિકની સમસ્યા શિરદર્દ સમાન બનતા આ જગ્યાએ બ્રિજ તૈયાર કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. જો કે ૧.૫ કી મીનો બ્રિજ તૈયાર થતા હજુ સમય લાગશે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો સિકસલેન બની ગયા છે. જયારે હાલ ગ માર્ગનુ અધુરુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે શહેર આસપાસનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. અલબત્ત જિલ્લા કક્ષાએ પણ રોડ નેટવર્કમાં સુધાર લાવવા માટે તબક્કાવાર કામોને મંજુરી આપવામાં આવી રહી છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે જોડાયેલા વિવિધ માર્ગોનો અનુલક્ષીને પણ રૂટમાં આવતા જંકશન પર ઓવર બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેમાં ચિલોડા સરખેજ હાઈવેનો અનુલક્ષીને વિવિધ ક્રોસ જંકશન પર ઓવર બ્રિજ તૈયાર કરી દેવાયા છે જેના લીધે હાલ ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે. જયારે આગામી દિવસોમાં કામ પુર્ણ થતા વાહનોની અવરજવર ઝડપી અને સરળ બનશે. આ ઉપરાંત કોબા તરફના માર્ગ પર પણ વિવિધ જંકશનને અનુલક્ષી ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. રક્ષાશકિત સર્કલ પર પણ નમુનારૂપ બ્રિજનુ બાંધકામ ચાલી રહ્યુ છે. જયારે આ બ્રિજ આગામી ડિસેમ્બર મહીનામાં તૈયાર કરી દેવાશે. જયારે આ રૂટમાં એપોલો સર્કલ પાસે પણ છેલ્લા બે ત્રણ વર્ષથી ટ્રાફિકની સમસ્યા વધી છે. ગાંધીનગરમાં પણ હાલ મેગાસીટીની જેમ વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા પીક અવર્સ દરમિયાન ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. એપોલો સર્કલ પાસે પણ આ સ્થિતિથી આસપાસના વિસ્તારના રહીશો તેમજ રૂટીનમાં અપડાઉન કરતા વાહનચાલકો તોબા પોકારી ગયા હતા જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આ ઠેકાણે ઓવરબ્રિજ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ સર્કલ પર ૧.૫ કી મી વિસ્તારને આવરી લેતો કેબલ સ્ટેડ બ્રિજ બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જો કે હાલ આ યોજનાને અનુલક્ષીને એપ્રોચનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

જયારે નકશા અને ડિઝાઈન તૈયાર કરી દેવાતા હવે આ માટેના કેબલ પણ આવી જશે બ્રિજ નિર્માણ માટેના કેબલ અમેરિકાથી આવશે જયારે આગામી એક મહીનામાં ઓવરબ્રિજના કામમાં ગતિ આવશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૦૮ કરોડનો ખર્ચ કરાશે. અત્યાર સુધી કાર્યયોજનાને અનુલક્ષી ૩૫ ટકા કામ પુર્ણ કરી દેવાયુ છે.

જયારે આગામી દિવસોમાં બાકીનુ કામ પણ પુર્ણ થતા ટ્રાફિકની પેચીદી સમસ્યા હલ થશે. ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલા વિવિધ માર્ગો પર સ્થિત જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવાની યોજના અન્વયે મોટાભાગનુ કામ આગામી છ મહીનામાં પુર્ણ કરી દેવાશે જેના અંતે બન્ને સીટી વચ્ચેનો વાહન વ્યવહાર ઝડપી અને સલામત બનશે.



આકરા તડકા વચ્ચે અચાનક વાતાવરણમાં ફેરફાર થતો અનુભવાય છે. આકાશમાં અચાનક વાદળો ઘેરાઈ આવે છે અને જાણે હમણાં વરસાદ પડશે એવુ લાગ્યા કરે છે. વાદળો વચ્ચે ક્યારેક સુરજદાદા ઢંકાઈ જાય છે અને સંતાકુકડી રમતા હોય તેવુ લાગે છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

# નેશનલ ગેમ્સના આયોજનના ભાગરૂપે ૧૨મીથી ગેમ્સ કાર્નિવાલ

## ૧૫-૧૬ શાળા, કોલેજ, યુનિ.માં જુદી જુદી રમતોની સ્પર્ધાઓનું આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૯

આગામી દિવસોમાં રાજ્યમાં યોજાનાર ૩૬મી રાષ્ટ્રીય રમતોત્સવ દરમ્યાન શાળા-કોલેજ અને યુનિવર્સિટીઓમાં રમત-ગમતને પ્રોત્સાહન મળે તે માટે ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન સેલીબ્રેશીંગ યુનિટી થ્રુ સ્પોર્ટસની થીમ હેઠળ રાજ્યની તમામ કોલેજો અને યુનિ. કક્ષાએ ભવ્ય આયોજનો કરવામાં આવશે.

૧૫, ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન શાળાકક્ષાએ રમતોત્સવ યોજવામાં આવશે. ૧૨મી સપ્ટેમ્બરના રોજ તમામ જિલ્લા મથકોએ આ અંગેની જાગૃતિના કાર્યક્રમો થશે જેમાં મંત્રીમંડળના સભ્યો જોડાશે.

આ કાર્નિવલમાં જિલ્લાના જાણીતા ખેલાડીઓ ઉપસ્થિત રહે તે માટેની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવનાર છે.

આ કાર્નિવાલમાં માસ્કોટ અને નેશનલ ગેમ્સ એન્થમનું જાહેર ગાન કરાશે તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ફીટ ઈન્ડિયાના શપથ લેવામાં આવશે.

કોલેજ યુનિવર્સિટી અને કબડ્ડી, ચેસ, રસ્સાખેંચ, એથ્લેટીક્સ, ખો-ખો ની સ્પર્ધાઓ યોજવામાં આવશે. જયારે શાળાકક્ષાએ ત્રિપગી દોડ, કોથળા દોડ, સ્ટેડીંગ બ્રોડ જમ્પ, રસ્સાખેંચ, યોગાસન, કબડ્ડી, ૫૦ મીટર દોડ અને ખો-ખોની સ્પર્ધાઓ યોજવામાં આવશે.

ધો. ૯ થી ૧૨ માટે લીગ ક્રિકેટ, મ્યુઝીકલ ચેર, રસ્સાખેંચ, ચેસ, અથ્લેટીક્સ, ખોખો અને કબડ્ડી સહિતની સ્પર્ધાઓ યોજાશે.

તંત્ર દ્વારા હાલ ૧૫ થી ૧૬ દરમ્યાન યોજાનાર તેમજ ૧૨ થી ૧૪ના કાર્યક્રમોના આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ માટેની બેઠકોનો ધમધમાટ પણ શરૂ થઈ ગયો છે.

# મનપાની ૧૩ સપ્ટેમ્બરના રોજ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨.૩૦ વાગે મનપાના સભાખંડમાં મળશે.

મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં ૧૦ જેટલા મુદાઓ સમાવવામાં આવ્યા છે. જે અગાઉ સ્થાયી સમિતિમાં રજુ થઈ ચુક્યા છે.

મનપાની સામાન્ય સભાને લઈ વિપક્ષના અંકિત બારોટે પેરીફેરી ગ્રાન્ટ, શહેરી પછાત વિસ્તાર ગ્રાન્ટ, નવીન સમાવિષ્ટ ગામડાઓની મળવાપાત્ર ગ્રાન્ટમાં મેયર, ડે. મેયર અને ચેરમેનના સૂચવ્યા મુજબ કાઉન્સીલરોને ફાળવવાની રહેશે તેને લઈ વિરોધ નોંધાવી આ નીતિનો વિરોધ રજુ કરવાની દરખાસ્ત રજુ કરી છે.

૨૦૨૨-૨૩ના બજેટમાં કરાયેલી આ જોગવાઈ અન્યાયકર્તા હોવાનું પણ બારોટે જણાવ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે કાઉન્સીલરોને હજુ વિકાસના સૂચવેલા કામોને મંજૂરી જ અપાઈ નથી. વિકાસના નામે માત્ર વાતો થાય છે અને પ્રજાની પરેશાની વધી રહી છે તેને અમે આ દરખાસ્ત દ્વારા વાચા આપીશુ.

# ૧૧મીએ રિવરફ્રન્ટ ખાતે કર્મચારીઓની રેલી

## જિલ્લાના કર્મચારીઓ મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાશે : અમદાવાદ ઝોનની રેલીનું આયોજન સંયુક્ત કર્મચારી મોરચાએ કર્યુ

ગાંધીનગર, તા. ૯

કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ અંગે સરકારના વલણમાં કોઈ સ્પષ્ટ સંકેત કે સમાધાન ન થતાં હવે ૧૧મીએ અમદાવાદ ઝોનની રેલીનું આયોજન સંયુક્ત કર્મચારી મોરચાએ કર્યુ છે.

કર્મચારીઓ દ્વારા ઝોનકક્ષાએ અને આ પછી જિલ્લાસ્તરે રેલીઓ યોજવામાં આવશે તેમ કર્મચારી આગેવાનોએ કહ્યુ છે.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રકાશ ત્રિવેદી, હિરેન પટેલ અને વી.ટી. સોનીએ ગાંધીનગર જિલ્લાના કર્મચારીઓ અમદાવાદ ખાતે યોજાનાર રેલીમાં મોટી સંખ્યામાં જોડાશે. આ રેલી ઈન્કમટેક્ષ રિવરફ્રન્ટથી બપોરે ૧.૩૦ કલાકે શરૂ થશે.

### આગામી દિવસોમાં આ આંદોલનો કેટલી તીવ્રતા ધારણ કરશે

જિલ્લા સંયુક્ત મોરચાના ચિરાગ ચૌધરી, પ્રદિપસિંહ ચાવડા, વિક્રમસિંહ ચાવડાએ પણ મોટી સંખ્યામાં જિલ્લાના કર્મચારીઓ જોડાશે તેમજ કલેકટરને આવેદનપત્ર આપી જુની પેન્શન યોજના ચાલુ કરવા સહિતના પ્રશ્નો અંગે રજુઆત કરવામાં આવશે.

રાજ્યભરમાં ચાલી રહેલા કર્મચારી આંદોલનને કારણે સરકારની વિવિધ કામગીરી પર પણ વિપરીત અસરો પડી રહી છે. સરકાર સામે કર્મચારીઓએ આંદોલનનું જે રણશિંગુ ફૂક્યુ છે તેને લઈ હવે આગામી દિવસોમાં આ આંદોલનો કેટલી તીવ્રતા ધારણ કરશે તેને લઈ રાજકીય વિશ્લેષકોએ પણ હવે મીટ માંડી છે.

૭મીએ સરકાર સાથે યોજાયેલ બેઠકમાં મંત્રીમંડળની પેટા સમિતિએ કોઈ જ ચોક્કસ અભિગમ ન દાખવતાં હવે આંદોલન તીવ્ર બનશે તેમ કર્મચારી આગેવાનો કહી રહ્યા છે.

# ધોળાકુવામાં ૨ તથા સે. ૨૮માં કોરોનાનો કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી. સંક્રમણની ગતિ જે ધીમી પડી છે તેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા દસેક દિવસથી કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર પછી લગભગ કેસોની સંખ્યા સતત ઘટી રહી છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. શહેરમાં આજે ૪ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લાનો રિકવરી રેટ ૯૭.૫૦ ટકાએ પહોંચ્યો છે. ગાંધીનગર શહેરમાં આજે ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા ૩એ પુરૂષ દર્દીના કેસ છે. આ ૩એ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું મનાઈ રહ્યુ છે.

શહેરમાં આજે ધોળાકુવા ગામેથી બે કેસ અને સે. ૨૮માંથી એક કેસ મળી આવેલ છે.

# ટાઉનહોલના કામમાં ગતિ : એસી પ્લાન્ટ અને લીફટનુ કામ પૂરજોશમાં

## હવે સિલીંગ બનશે : ઓકટોબર અંત સુધીમાં ટાઉનહોલ તૈયાર થઇ જાય તેવી સંભાવના : સાઉન્ડ પ્રુફ દિવાલો તેમજ બેઠક વ્યવસ્થા સંદર્ભે હવે કામ હાથ ધરાશે : ટુંકમાં જ ટાઉનહોલ નવા રૂપરંગમાં જોવા મળશે : કલાકારોમાં હર્ષની લાગણી

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના ટાઉનહોલનુ રીનોવેશન ચાલી રહ્યુ છે. ત્યારે ટાઉનહોલ ઝડપથી તૈયાર થઈ જાય તે માટે નગરના કલાકારો તેમજ કલાપ્રેમી નાગરિકોમાં ભારે ઉત્સુકતા છે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી સમય માંગી લે તેવુ મોટાભાગનુ બેઝિક કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે હવે હોલની સિલીંગ , દિવાલોને સાઉન્ડ પ્રુફ કરવા સહીત બેઠક વ્યવસ્થા માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. હાલ લીફટ અને એ સી પ્લાન્ટ સંદર્ભે કામ ચાલી રહ્યુ છે. જયારે ટાઉનહોલ ઓકટોબર મહીનાના અંત સુધીમાં તૈયાર થઈ જાય તેવી પમ સંભાવના છે. અલબત્ત ટાઉનહોલનુ અડધાથી ઉપરનુ રીનોવેશનનુ કામ થઈ ગયુ છે.

ગાંધીનગરના ટાઉનહોલનુ હાલ રીનોવેશન ચાલી રહ્યુ છે. ટાઉનહોલ છેલ્લા બે વર્ષથી બંધ છે. જોખમી સ્થિતિમાં હોવાના લીધે આખરે ટાઉનહોલને ભાડેથી ફાળવવાનુ તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યુ હતુ જયારે ટાઉનહોલના રીનોવેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામા આવનાર છે. જયારે ટાઉનહોલના રીનોવેશનનુ કામ અંદાજિત ૫૫ ટકા જેટલુ થઈ ગયુ છે. અલબત્ત ટાઉનહોલના સ્ટ્રકચર સિવાય જરૂરી તોડફોડ ઉપરાંત પાણી ગટરની લાઈનની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. હાલ એ સી ડકટીંગ અલબત એ સી પ્લાન્ટનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે કલાકારો માટેના ગ્રીનરૂમમાં પણ ટાઈલ્સ નાંખવામાં આવી રહી છે. જયારે એ સી પ્લાન્ટની કામગીરી બાદ હોલની સિલીંગનુ કામ શરૂ કરવામાં આવશે. જયારે સિલીંગ કામગીરી બાદ ટાઉનહોલમાં શ્રોતાઓ માટે આરામદાયક બેઠક વ્યવસ્થા ગોઠવવા માટે ખુરશીઓનુ ફીટીંગ કરાશે. જો કે અગાઉ કરતા વધુ જગ્યા અને મોકળાશ મળી રહે તે મુજબ બેઠક વ્યવસ્થા કરવામાં આવશે જેના લીધે ૧ હજારની સામે હવે બેઠક વ્યવસ્થા ૯૦૦ ની જ રહેશે. આ ઉપરાંત ટાઉનહોલની દિવાલોને સાઉન્ડ પ્રુફ કરવા માટે એકોસ્ટીકની કામગીરી હાથ ધરાશે. હાલની સ્થિતિએ ટાઉનહોલના રીનોવેશનની યોજનાને અનુલક્ષી લીફટનુ ફીટીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં હવે મોટાભાગનુ કામ પુર્ણ થતા માત્ર ફીનીશિંગ વર્ક કરવામા આવશે અગાઉ ટાઉનહોલના રીનોવેશનની યોજના ડિસેમ્બર મહીના સુધીમાં પુર્ણ કરવાનુ આયોજન કરાયુ હતુ જયારે તોડફોડ સહીતની અલબત્ત સમય માંગી લે તેવા પ્રકારની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જેના લીધે મોટાભાગનુ બેઝિક વર્ક પુર્ણ કરી દેવાતા હવે કામમાં વધુ ઝડપ

● અનુસંધાન પાન-૭ પર



બાપા મોરીયા... - શુક્રવારે અનંત ચતુર્થીના પાવન પર્વે ગણેશ વિસર્જનના અંતિમ દિવસે ઈન્દ્રોડા ખાતે નવનિર્મિત વિસર્જન કુંડ ખાતે અનેક ભાવિકોએ બાપાની મૂર્તિનું વિસર્જન કર્યુ હતું.... હે ગણપતિ બાપા આવતા વર્ષે વહેલા - વહેલા પધારજો અને રિદ્ધિ-સિદ્ધિના માધ્યમથી અમારા વિઘ્નો હરજો...

# ગુડા વિવિધ ટી પી વિસ્તારના ગામોમાં મુખ્યમાર્ગોને જોડતા નવા રસ્તાઓ બનાવાશે

## વિવિધ ટી પી માં દબાણો અને અવરોધો દુર કરાયા બાદ નવા માર્ગોની કામગીરી હાથ ધરવા આયોજન : પેથાપુરમાં પણ દબાણો દુર કરાયા બાદ હવે સર્વિસ રોડ બનશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર આસપાસના વિકસિત વિસ્તરમાં સમાવિષ્ટ પોર, અડાલજ કોલવડા , ચિલોડા પેથાપુર, બાસણ અને પાલજ, શાહપુર, લવારપુર, વાસણા હડમતિયા, ઉવારસદ તેમજ વાવોલ સહીતના વિવિધ સાત ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં નવા માર્ગોનુ નિર્માણ કરવા માટે આયોજન કરાયુ છે. આ વિસ્તારમાં નવા રસ્તા ખોલવામાં આવ્યા બાદ અલબત્ત દબાણો સહીતની અડચણો દુર કરાતા ચોમાસાના અંતે ગુડા દ્વારા માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ગુડાની વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમ ૧૦, ૧૧ ,૧૪ ૧૫,૧૬,૧૭, ૨૫ તેમજ ૨૬ ના વિસ્તારમાં કુલ ૧૨ ગામના નાના મોટા વિસ્તાર સમાવિષ્ટ છે. જયારે છેલ્લા દોઢ વર્ષ દરમિયાન ગુડા કક્ષાએથી ટીપી સ્કીમમાં અસ્તિત્વમાં આવેલા માર્ગોના રસ્તાઓનુ દબાણો અને અવરોધો દુર કરીને ખેડુતો તેમજ ગામના આગેવાનોને સાથે રાખી ખુલ્લા કરાયા હતા જયારે આ તમામ માર્ગો હાલ ખેતરના તેમજ પડતર જમીન કે કાચા રસ્તાઓ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ગુડા દ્વારા નવા માર્ગો માટે જરૂરી ચુનાના માર્કીંગ ઉપરાંત નિશાની માટે ખુંટ લગાવવા

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ કેમ્પસ જ સ્વાઈન ફલુનું એ.પી. સેન્ટર

## છેલ્લા નવ દિવસમાં ૮ કેસ નોંધાયા : શહેરમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સિવિલ કેમ્પસ અને મેડીકલ કોલેજ જ સ્વાઈન ફલુનું એ.પી. સેન્ટર બની ઉભરી આવતાં તંત્રની ચિંતાઓ વધી છે.

આ કેમ્પસમાંથી સપ્ટેમ્બર માસ દરમ્યાન જ ૮ થી વધુ કેસ નોંધાયા છે. તંત્રએ અહિ સઘન સર્વેલન્સ તેમજ સાવચેતીના પગલાં સઘન લેવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી પણ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં આવેલ સિવિલ કેમ્પસમાં મચ્છરોના બ્રિડીંગ પણ ભારે મળ્યા હતા. કોરોનામાં પણ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ વધુ સપડાયા હતા અને હવે સ્વાઈન ફલુના કેસો પણ અહિંથી મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતા બેવડાઈ છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા છે અને તેમાં પણ મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૭૩ થઈ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના કેસો સતત

● અનુસંધાન પાન-૭ પર


આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર

મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર

અવસર લોકશાહીનો

ખાસ ઝુંબેશનો છેલ્લો દિવસ
૧૧-૦૯-૨૦૨૨
રવિવાર
સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી
આપના મતદાન મથક પર

મતદારયાદીમાં નામ નોંધણી અથવા ફેરફાર માટે ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા ખાસ ઝુંબેશના દિવસે આપના મતદાન મથકની મુલાકાત લઈને બી.એલ.ઓ.નો સંપર્ક કરો

જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો.
જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરો.

યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.

નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે ઓનલાઇન સુવિધા
વોટર હેલ્પલાઇન એપ
www.nvsp.in

એક કરતાં વધુ વખત મતદારયાદીમાં નામ નોંધાવવું તે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે.

વધુ માહિતી માટે (આપના વિસ્તારનો STD કોડ) ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો
(કચેરી સમય દરમિયાન)

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat | CEOGujarat | gujaratceo

હવે મતદારયાદીમાં આપનો આધાર નંબર લિંક કરાવો



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com